# મંકીપોક્સના કેસમાં એકલતામાં રહેવાના માર્ગદર્શનો

ઓર્થોપોક્સવાઇરસ અથવા મંકીપોક્સ વાઇરસ માટે પોઝિટિવ હોય તેવા લોકો માટેની સૂચના.

બધા જખમો મટી ન જાય, બધા ભીંગડાઓ પડી ન જાય અને ત્વચાનું પૂરું નવું તાજું સ્તર ન આવે (સામાન્યતઃ 2-4 અઠવાડિયા) ત્યાંસુધી એકલતામાં રહો.

કટોકટીના સમય અથવા તબીબી સારવારના ફોલો-અપની જરૂરીયાત સિવાય ઘરમાં રહો.

શક્ય હોય તો, જો તે જ ઘરમાં બીજા લોકો પણ રહેતા હોય તો અલગ બાથરૂમનો ઉપયોગ કરો.

જો તમારે ઘરના બીજા લોકો આસપાસ રહેવું જરૂરી હોય તો, સારી રીતે ફિટ થાય તેવું માસ્ક અથવા રેસ્પિરેટર પહેરો.

પર્યાવરણ સુરક્ષા એજન્સી (Environmental Protection Agency, EPA) રજિસ્ટર્ડ જંતુનાશકના ઉપયોગથી સામાન્ય રીતે સ્પર્શ થતી સપાટીઓને નિયમિત રીતે સાફ કરો અને જંતુનો નાશ કરો.

સાબુ અને પાણી વડે હાથ ધુઓ અને ઓછામાં ઓછું 60% આલ્કોહોલ હોય તેવા હેન્ડ સેનિટાઇઝરનો ઉપયોગ કરો.

બધા પ્રકારની લૈંગિક પ્રવૃત્તિઓથી દૂર રહો.

ઘરમાં અન્ય લોકો અને પાળતુ પ્રાણીઓનો નજીકથી સંપર્ક કરવાનું ટાળો.

આંખમાં ચેપ લાગતો અટકાવવા માટે કોન્ટેક્ટ લેન્સનો ઉપયોગ કરવાનું ટાળો.

આ વાઇરસને ફેલાતો અટકાવવા માટે શરીરમાં ફોલ્લાઓ અથવા જખમો હોય તેવી જગ્યા પર શેવિંગ કરવાનું ટાળઓ.

NJ Health
New Jersey Department of Health

Centers for Disease Control and Preventionને અનુરૂપ કરેલું.
વધુ માહિતી માટે, nj.gov/health/monkeypoxની મુલાકાત લો.

6/1/24